ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૨૮.૦ ડીગ્રી
લઘુતમ : ૧૪.૦ ડીગ્રી
ભેજ
સવારે ૯૬ ટકા ● સાંજે ૬૯ ટકા

ગાંધીનગર તાપમાન

ન્યુ ગાંધીનગરમાં વિજ પુરવઠાના ધાંધિયા

મહાનગરપાલિકામાં સમાવિષ્ટ વિસ્તારોને ટોરેન્ટ પાવર સાથે જોડવા તીવ્ર બનતી માંગ

ગાંધીનગર, તા.૨૧

અમદાવાદ ટવીન સીટી તરીકે ઝડપથી વિકસી રહેલા ગાંધીનગરમાં પેથાપુર, કોલવડા, વાવોલ ઉવારસદ સહિત ૧૯ ગ્રામ પંચાયત વિસ્તારને ગાંધીનગર મ્યુનિસિપલમાં સમાવેશ કરેલ છે. જેમાં રોડ, ગટર, પાણી, લાઈટ તથા સફાઈ જેવી પાયાની સુવિધા પુરી પાડવાનો મુખ્ય હેતુ રહેલો હતો. પરંતુ મોટા ભાગના વિસ્તારમાં બત્તી ગુલ થઈ જાય છે. પાણીની પણ સમસ્યાઓ છે. એટલે કે નવા ગાંધીનગરમાં જે સુવિધા મળવી જોઈએ નાગરિકોને તે હજુ સુધી મળી રહી નથી.

ન્યૂ ગાંધીનગર વિસ્તારમાં ટોરેન્ટ પાવરનું કનેકશન થયું નથી તેથી વીજળીના ધાંધીયા અવારનવાર થઈ રહ્યા છે. નવા નવા વિસ્તારોને જોડીને પાયાની જે સુવિધાઓ મળવી જોઈએ તે ન મળવાથી નાગરિકોને હાલાકી થઈ રહી છે. ચોમાસામાં રેગ્યુલર આ વિસ્તારોમાં લાઈટ જવાની ફરિયાદો મળતી હોય છે. આ ઉપરાંત શિયાળો અને ઉનાળો પણ દરરોજની ફરિયાદો જોવા મળે છે. વાવોલ, કોલવડા, ઉવારસદ ઉપરાંત ન્યૂ ગાંધીનગરમાં સમાવિષ્ટ વિસ્તારોને વીજળીની સુવિધા મળી રહે તેવી રહીશોની માંગણી છે. આમ તો વગર માંગણીએ નાગરિકોને આ બધી પાયાની સુવિધાઓ મળવી જ જોઈએ. કારણ કે ગાંધીનગરમાં નવા ગામોને સમાવિષ્ટ કરવાનો મૂળ હેતુ જ એ હતો કે તેઓને પાણી, ગટર, વીજળી, સફાઈની

સુવિધાઓ મળતી થઈ જાય. પરંતુ જે પરિસ્થિતિ હતી તે જ હજી ચાલી રહી છે.

લાઈટો અવારનવાર જવાના કારણે ઘણી બધી તકલીફો નાગરિકોને સહન કરવી પડી રહી છે. ન્યુ ગાંધીનગરમાં વિકાસ કાર્યને કારણે ઠેર ઠેર ખોદકામ કરવામાં આવી રહ્યા છે જેથી ઉત્તર ગુજરાત વીજ કંપની દ્વારા લાઈટો બંધ કરી દેવાય છે. આ ઉપરાંત ઘણીવાર રાત્રી દરમિયાન લાઈટો જતી રહે છે. વહેલી સવારે લાઈટો જાય છે. દિવસભર લાઈટો ન આવે તેવી સમસ્યાઓ પણ હજી સર્જાય છે. તેથી નાગરિકો હેરાન થઈ રહ્યા છે.

કોરોના મહામારીના કારણે બીજી લહેરમાં ઓકિસજનની ખૂબ જરૂર પડતી હતી તેથી ઘણા બધા નાગરિકોના ઘરે ઓકિસજનના બાટલાના સહારે દર્દીઓ હતા. આવા સમયે પણ અવારનવાર લાઈટો જતી રહેતી હતી. જેમાં દર્દીઓને ખૂબ મુશ્કેલીઓ પડી હતી. લાઈટો જવાથી જાનહાનિ થઈ શકે તેવી ગંભીર પરિસ્થિતિઓ જોવા મળી હતી. કોરોનાકાળમાં તો નાગરિકો ખૂબ હેરાન થયા હતા. માત્ર લાઈટ જવાના કારણોસર. જયારે બીજી બધી સમસ્યાઓ તો અલગ પરંતુ જયાં સુધી ટોરેન્ટ પાવરનું જોડાણ ન થાય ત્યાં સુધી ન્યુ ગાંધીનગર વિસ્તારમાં નાગરિકોને અવારનવાર હેરાન પરેશાન થવાની પરિસ્થિતિ થાય છે તેથી જવાબદાર તંત્ર દ્વારા ન્યુ ગાંધીનગર વિસ્તારના રહીશો માટે થોડી ગંભીરતા દાખવવી રહી. રહીશોને લાઈટો જવાથી નાની-મોટી સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો છે જેથી ગ્રીનસીટી ગાંધીનગરના નાગરિકો હવે પાયાની સુવિધાઓથી વંચિત ન રહે તે માટે ટોરેન્ટ પાવરનું વીજ જોડાણ કરીને ન્યુ ગાંધીનગર વિસ્તારને બત્તી ગુલ જેવી સમસ્યાઓથી પરેશાન ન થવું પડે તેવી સહાય કરવી જોઈએ. માત્ર ચૂંટણી સમયે મોટા વાયદાઓ કરવાથી કાંઈ નથી થતું નાગરિકોની સમસ્યાઓને પણ સાંભળવી જોઈએ અને નિરાકરણ લાવવું જોઈએ.

જન્મદિને વધામણી

નીતિન રાવત
મો. ૯૯૦૪૩ ૪૪૫૦૬

દર્શના એન રાંક
ગાંધી. જિલ્લા પૂરવઠા અધિકારી

હેન્વી મુકેશભાઈ વાઘેલા

નેન્સી અને ભવ્ય

ગટ્ટુ માય ફ્રેન્ડ ફિલ્મના બાળ કલાકાર મહર્ષિનું દુઃખદ અવસાન

ગાંધીનગર, તા.૨૧

શહેરમાં ડાન્સ જગતમાં જુનિયર ગોવિંદા તરીકે ઓળખ ઉભી કરનાર સૌના લોકલાડીલા એવા મહર્ષિ અતુલભાઈ સોલંકીનું દુઃખદ અવસાન થયું છે.મહર્ષિ સોલંકીએ તન્વી ફિલ્મ પ્રોડકશનની ૨ ગુજરાતી ફીલ્મ ગટ્ટુ માય ફ્રેન્ડ અને ચોરના ભાઈ ઘંટી ચોરમાં કલાકાર તરીકે સુંદર એકટીંગ કરી ચુકયા છે. બહુ જ નાના બાળપણમાં ભગવાને તેમને બોલાવી લીધા જે સૌના માટે ખૂબ દુઃખદ સમાચાર છે. તન્વી ફિલ્મ ગાંધીનગર તરફથી લોકલાડીલા મહર્ષિ સોલંકીના દિવ્ય આત્માને ભગવાન શાંતિ આપે અને તેમના પરિવારજનોને આ આઘાત સહન કરવાની શકિત આપે તેવી પ્રભુને પ્રાર્થના.

ટ્રાફિક સિગ્નલો પર થતી અડચણો દૂર કરવા 'મેવા'ની માંગ

ગાંધીનગર, તા.૨૧

શહેરમાં દરેક માર્ગો ઉપર સરળતાથી વાહનો અવરજવર કરી શકે તે માટે ટ્રાફિક સિગ્નલો મુકવામાં આવ્યા છે અને ચારે તરફના માર્ગો પરના વાહનો સરળતાથી જઈ શકે તે માટે વારાફરતી દરેક દિશાના સિગ્નલ રેડ લાઈટ દ્વારા રોકવામાં આવે છે જયારે ડાબી તરફ જતાં વાહનો જઈ શકે છે અને તે માટે ગ્રીન સિગ્નલ હોય છે તેમ છતાં કેટલાક ઉતાવળીયા વાહનચાલકો જેમાં ટુ વ્હીલર અને ફોર વ્હીલર બંનેનો સમાવેશ થાય છે તેવા વાહનચાલકો ડાબી બાજુ જવા માટેના માર્ગ પર વાહન ઉભા કરી દે છે જેથી ગ્રીન સિગ્નલ થાય એટલે ઝડપથી જવા મળે. આમ કરીને ડાબી બાજુ જવાવાળા વાહનચાલકો માટે માર્ગ બંધ કરી દે છે. આમ થવાથી ડાબી બાજુ જનાર વાહનચાલકોને રોકાઈ રહેવું પડે છે તેમનો કિંમતી સમય બગડે છે અને તેથી વાહન ચાલકો વચ્ચે કયારેક બોલાચાલી અને ઝઘડા થાય છે. થોડા સમય પહેલાં આ બાબતે ડીવાઈડર માટે સ્ટીક મુકવામાં આવી હતી પરંતુ વાહનચાલકોએ તેને ટકકર મારી તોડી નાંખી હોય તેમ જણાય છે. આ બાબતને ધ્યાન લઈ ડાબી તરફ જનાર વાહનચાલકોને અગવડ ન પડે અને સરળતાથી ટ્રાફિક ચાલે તે માટે યોગ્ય પગલાં લેવા માટે મુસ્લિમ એજયુકેશન એન્ડ વેલ્ફેર એસોસિએશનના ઉપપ્રમુખ એમ.યુ. કાગદીએ નમ્ર વિનંતી કરી હતી.

શહેરના સેકટર-૧૨માં ડૉ. બાબાસાહેબ આંબેડકર હોલ નજીક છેલ્લાં કેટલાંક દિવસથી પાણીની પાઈપલાઈન તુટી જવાને કારણે પાણીના મોટા જથ્થાનો વેડફાટ થઈ રહ્યો છે અને લીકેજ પાઈપમાંથી પાણી વહીને નજીકમાં ચાલી રહેલા ગ-૪ અંડરપાસના નિર્માણ કાર્ય તરફ જઈ રહ્યું છે. સત્વરે આ પાઈપલાઈનને રીપેર કરી પાણીના આ વેડફાટને અટકાવવો જરુરી જણાય છે.

રીક્ષામાં બેસાડી મુસાફરના રૂ. ૭ લાખ ચોરી કરનાર ટોળકીના ૨ શખ્સો ઝડપાયા

ગાંધીનગર, તા.૨૧

જાન્યુઆરી માસના પ્રથમ સપ્તાહમાં અડાલજ વિસ્તારમાં રૂ.૭ લાખની ચોરી થતા ચકચાર મચી જવા પામી હતી. મુસાફરને રીક્ષામાં બેસાડી બેગમાં રહેલા રોકડા રૂ.૭ લાખની ચોરી કરી રીક્ષા લઈ ચોર શખ્સો ફરાર થઈ ગયા હતા.ત્યારે ગણતરીના દિવસોમાં આ ચોરીનો ભેદ એલસીબી-૨ પોલીસે ઉકેલી દઈ બે શખ્સોને પકડી પાડી રીક્ષા, મોબાઈલ અને રોકડા રૂ.૫૫ હજાર મળી કુલ રૂ.૧.૩૦ લાખની વધુનો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ પાટણ યુનિવર્સિટીના નિવૃત ચીફ એકાઉટન્ટ પાટણ થી રૂપીયા લઈ મોટેરા અમદાવાદ ઘર ખાતે આવી રહ્યા હતા. ત્યારે અડાલજ ત્રિ-મંદિરથી સાબરમતિ ટોલનાકાની રીક્ષામાં મુસાફર તરીકે બેસાડી ચાર ઠગબાજોએ નિવૃત એકાઉટન્ટ પાસે રહેલી બેગમાંથી રૂ.૭ લાખ ચોરી કરી એકાઉટન્ટને રીક્ષામાંથી ઝુંડાલ પેટ્રોલ પંપ પાસે ઉતારી નાસી ગયા હતા. આ કેસના આરોપીઓને પકડી પાડવા માટે એલસીબી-૨ ના અધિકારી-કર્મચારીઓ આ દિશામાં કાર્યરત હતા. તે સમયે પોલીસ કોન્સ્ટેબલ સુરેન્દ્રસિંહ એ નરેશકુમારને સંયુકત બાતમી મળી હતી. આ કેસના ચાર આરોપીઓ પૈકી બે મહમદ આસીફ આરીફભાઈ અંસારી (ઉં.૩૫, રહે. એલ.એસ.પાર્ક સોસાયટી નાસીરભાઈના મકાનમાં જાસલપુરરોડ કડી જી.મહેસાણા) અને મહમદઅલીખાન છોટેખાન ઉર્ફે ગુડ્ડુખાન પઠાણ (ઉં.૨૩, રહે. મ.નં.૪૨ એલ.એસ.પાર્ક સોસાયટી કડી જી.મહેસાણા)ને એલસીબી-૨ પોલીસે પકડી પાડ્યા હતા. જયારે પકડવાના બાકી આરોપીમાં તારીક આરીફભાઈ અંસારી (રહે.એલ.એસ.પાર્ક સોસાયટી જાસલપુર રોડ કડી) તેમજ નવાજ (રહે.કસ્બામાં કડી)નો સમાવેશ થાય છે. જયારે એલસીબી પોલીસે પકડી પાડેલા બંને આરોપીઓમાં ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. જયારે પોલીસે ચાર પૈકી બે આરોપીઓ પાસેથી રૂ.૭૫ હજારની કિંમતની રીક્ષા નં. જી.જે.૦૨.વાય.વાય.-૬૦૫૬, મોબાઈલ ફોન રૂ.૫૦૦ અને રોકડ રૂ.૫૫ હજાર મળી કુલ રૂ.૧,૩૦,૫૦૦ નો મુદ્દામાલ સાથે એલસીબી-૨ પોલીસે પકડી પાડી ચોરીનો ભેદ ઉકેલી દીધો છે.

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં સ્ટેમ વર્કશોપ સંપન્ન

ગાંધીનગર, તા.૨૧

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે આયોજિત ૧૦ દિવસીય S.T.E.M. (સાયન્સ, ટેકનોલોજી, એન્જિનિયરિંગ, મેથ્સ) વર્કશોપ ૨૧મી જાન્યુઆરીએ સંપન્ન થયો અને ૩૦ સહભાગી અધ્યાપકો અને વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર અપાયાં. રાજયના શિક્ષણ વિભાગ, કે.સી.જી. અને આઈસ્ટેમ કલેક્ટિવ ફાઉન્ડેશન દ્વારા યોજાયેલા વર્કશોપમાં રાજયની વિવિધ કોલેજોમાંથી અધ્યાપકો-વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા અને તેઓ અદ્યતન ટેકનોલોજીની સ્કીલથી સક્ષમ બન્યા હતા. આ કાર્યક્રમમાં ઉપસ્થિત કે.સી.જી.ના સી.ઈ.ઓ. અને હાયર એજયુકેશન વિભાગના ડાઈરેક્ટર શ્રી એમ. નાગરાજને જાહેરાત કરી હતી કે, ગુજરાતની તમામ આર્ટ્સ, કોમર્સ, સાયન્સ કોલેજોમાં ઈનોવેશન કલબ બનાવાશે અને વિદ્યાર્થીઓ માતૃભાષામાં જ ટેકનોલોજીકલ સ્કીલ શીખી શકશે. તેઓ ટેકનોલોજીના જ્ઞાનથી સમક્ષ બનશે. આમ ગુજરાતમાં ઈનોવેશન ફોર્સ બનાવાશે. તેમણે કહ્યું હતું કે, કોઈ પણ વ્યક્તિ ઈનોવેટર બની શકે છે, બસ

તેનામાં જિજ્ઞાસા અને ખુલ્લું મન હોવાં જોઈએ. આ પ્રસંગે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના માનનીય કુલપતિ શ્રી હર્ષદભાઈ શાહે જણાવ્યું હતું કે, સમગ્ર ગુજરાતમાં જે કાર્યક્રમ નિરંતર ચાલવાનો છે, તેની શરૂઆત ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીથી થઈ તેનો આનંદ છે. તેમણે કહ્યું હતું કે, વિશ્વમાં ટકી રહેવું હોય તો ટેકનોલોજીનું બેલેન્સ વધારવું પડશે. ટેલેન્ટનું બેલેન્સ વધારવું પડશે. આ માટે ટેલેન્ટને ભેગા કરવા, ટેલેન્ટેડ લોકો ક્રિએટ કરવા, ટેકનોલોજીના છુપા ડાયમેન્સન્શ છતાં કરવાં એ જ ઈનોવેશન છે. તેને આપણે વેગ આપવાની જરૂર છે. તેની સાથે આપણી ભારતીય સંસ્કૃતિના મૂલ્યો અને કૌશલ્યો જળવાઈ રહેવાં જોઈએ. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના રજિસ્ટ્રાર ડૉ. અશોક પ્રજાપતિએ સ્વાગત પ્રવચન કરી સૌને આવકાર્યા હતા, જયારે તીર્થ યોજનાના ઓ.એસ.ડી. ડૉ. યોગેશ યાદવે આભારવિધિ કરી હતી.

સિવિલમાં ખાનગી એજન્સીમાં કામ કરતા યુવકનો આપઘાત

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખાનગી એજન્સીમાં કામ કરતા કર્મચારીએ વાવોલ ખાતે ગળેફાંસો ખાઈ જીવન ટુંકાવી દીધુ હતું. જયારે કર્મચારીની પત્ની વતન ખાતે લગ્ન હોવાથી ગઈ હોવાનુ સામે આવ્યું છે. જયારે કર્મચારીએ અચાનક આપઘાત કરતા અન્ય કર્મચારીઓમાં શોકનુ મોજુ ફરી વળ્યું હતું.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરને અડીને આવેલા વાવોલ ગામમાં ઠાકોરવાસ ખાતે રહેતા આશરે ૩૫ વર્ષિય દિનેશ રૂપાભાઈ ખાંટના પરિવારમાં પત્ની હિરલ અને બે દિકરીઓ છે. ત્યારે દિનેશભાઈ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં છેલ્લા કેટલાક સમયથી ખાનગી એજન્સીમાં સુપરવાઈઝર તરીકે કામ કરતા હતા. શામળાજી નજીક તેમના વતન ખાતે લગ્ન પ્રસંગ હોવાથી તેમની પત્ની હિરલ બે દિકરીઓ સાથે ત્યાં ગયા છે. જયારે દિનેશભાઈ ગત તા.૨૨ મી જાન્યુઆરીના રોજ લગ્ન પ્રસંગે હાજરી આપવા માટે જવાના હતા. આજે તેમનો ભાણીયો અને એક સ્વીપર તેમના ઘરે ગયા હતા. તે સમયે દિનેશભાઈનો મૃતદેહ છતના હુકમાં દોરી વડે ગળાફાંસો ખાધેલી હાલતમાં જોવા મળ્યો હતો. બનાવની જાણ થતા વાવોલ પોલીસ ચોકીના પીએસઆઈ ડી.એમ.પરમાર સ્ટાફના કર્મચારીઓ સાથે દોડી ગયા હતા.તેઓએ જરુરી કાર્યવાહી કરી મૃતદેહનું પીએમ કરવાની તજવીજ હાથ ધરી હતી. મૃતકના પરિવારજનો ન આવ્યા હોવાથી આપઘાતનું ચોક્કસ કારણ જાણી શકાયુ નથી. ત્યારે સિવિલમાં સાથી કર્મચારીના મૃત્યુના સમાચાર સાંભળી અન્ય કર્મચારીઓમાં પણ શોકનું મોજુ ફરી વળ્યું હતું.

સે-૨૨ પંચદેવ મંદિરે નેચર ફર્સ્ટ દ્વારા પ્લાસ્ટિક મુકત અભિયાન

ગાંધીનગર, તા.૨૧

નેચર ફર્સ્ટ દ્વારા ૨૨ તારીખના રોજ પ્લાસ્ટિક મુકત ગાંધીનગર અભિયાનનું આયોજન કરેલ છે. જે પંચદેવ મંદિર સે-૨૨ ખાતે સવારે ૯.૩૦ થી ૧૦.૩૦ કલાકે યોજાનાર છે. આ અભિયાનમાં સેવાભાવી મિત્રો જોડાઈને પ્લાસ્ટિક મુકત ગાંધીનગર બનાવવા સહયોગ કરે તેવી નેચર ફર્સ્ટ દ્વારા નમ્ર વિનંતી કરવામાં આવી હતી.

ચિરવિદાય

● મુકિતધામ ●

- **સ્વ. યાદવ રવિભારત રામપત,** ઉ.વ. ૫૨, સેકટર-૨૬
- **સ્વ. ભરવાડ રામુબેન ખેતાભાઈ,** ઉ.વ. ૬૫, સે-૧૪, ગોકુલપુરા
- **સ્વ. સોલંકી મહર્ષી અતુલકુમાર,** ઉ.વ. ૧૫, સેકટર-૨૩
- **સ્વ. ઠાકોર શાંતાબેન પુંજાજી,** ઉ.વ. ૮૨, પેથાપુર
- **સ્વ. ગુર્જર ભાવનાબેન કેશવલાલ,** ઉ.વ. ૫૯, વાવોલ
- **સ્વ. દંતાણી ગગુબેન મંગાભાઈ,** ઉ.વ. ૯૦, હાલીસા
- **સ્વ. કોલ હેતરામ વિશ્રામ,** ઉ.વ. ૩૨, દલકોભાગીર,એમ.પી.

● રૂદ્રભૂમિ ●

- **સ્વ. ઠાકોર હસમુખલાલ ઈશ્વરજી,** ઉ.વ. ૩૫, તારાપુર
- **સ્વ. ઠાકોર લીલાજી લક્ષ્મણજી,** ઉ.વ. ૪૬, શાહપુર
- **સ્વ. પટેલ મધુબેન મફતલાલ,** ઉ.વ. ૫૫, અડાલજ

ANTI 2020 વેબ સીરીઝમાં શહેરની સ્ટાર કાસ્ટ

ગાંધીનગરની ટીમ દ્વારા બનાવેલ વેબ સીરીઝ આગામી સમયમાં ઓટીટીમાં રીલીઝ થશે આ વેબ સીરીઝમાં પ્રોડયુસર સૌરીન બી. શાહ અને રાઈટર-ડિરેકટર રાહુલ વાણિયા

ગાંધીનગર, તા.૨૧

તાજેતરમાં એક વેબ સીરીઝનું પ્રીમિયર લોન્ચ કરવામાં આવ્યું છે. જેનું નામ ANTI 2020 છે. જેમાં ગાંધીનગરના કલાકારોએ સુંદર અભિનય રજૂ કર્યો છે. આ વેબસીરીઝ કુલ પાંચ ભાગમાં બનાવવામાં આવી છે. જેનું પ્રોડકશન સૌરીન બી. શાહ દ્વારા કરવામાં આવ્યું છે અને તેના રાઈટર-ડિરેકટર રાહુલ વાણિયા છે. ANTI 2020 વેબ સીરીઝનો કોન્સેપ્ટ સૌરીન બી. શાહ દ્વારા રજૂ કરવામાં આવ્યો છે. તેઓ લંડન સ્થાયી છે પરંતુ મૂળ ગાંધીનગરના જ છે. આ વેબ સીરીઝ બનાવવામાં લગભગ દસ મહિના જેટલો સમય લાગ્યો છે. ગાંધીનગર માટે સૌથી વધુ ગૌરવની વાત કહેવાય કે તમામ કિરદારો ગાંધીનગરના છે અને આ વેબ સીરીઝનું શૂટીંગ ગાંધીનગરમાં સરગાસણ ખાતે મારુતિ આમ્રકુંજ-૨માં થયું હતું. કોરોનાના કારણે તે સમયે કપરા સમયગાળામાં સમગ્ર ટીમના અથાગ પરિશ્રમ દ્વારા શૂટિંગ કરવામાં આવ્યું હતું. આ વેબ સીરીઝ કોમેડી-ડ્રામા ટાઈપની છે. જેનું પ્રિમીયર આવી ગયું છે. રાહુલ વાણિયા રાઈટર-ડિરેકટરના જણાવ્યા મુજબ આ વેબસીરીઝ ટૂંક સમયમાં જ ઓટીટી માધ્યમમાં રીલીઝ થવાની છે. લોકડાઉનમાં સમયનો સદઉપયોગ કરીને આ વેબ સીરીઝ બનાવવામાં આવી છે જેમાં સૌરીન બી. શાહનો મોટો ફાળો રહ્યો છે. ગાંધીનગરમાં સેકટર-૪ ખાતે શૈયદ ડ્રામા ગ્રુપ ચાલે છે જેમાં એકટીંગ ડ્રામા વિગેરે શીખવવામાં આવે છે. ANTI 2020 વેબ સીરીઝમાં શહેરના સ્ટારકાસ્ટમાં ગાંધીનગર અને ગુજરાત ગૌરવ એવોર્ડ વિનર અમ્બર સૈયદ, શ્રેય મારડિયા, નિષ્ઠા જોશી, ત્વરા મેહતા, યશ ભાગવત, સોનાલી દેસાઈ, ડૉ. કૃતિ પટેલ, અતુલ લાખાણી ઉપરાંત બાળકલાકારો હીરવા ત્રિવેદી, હેત્વી ત્રિવદી અને ત્વીશા પટેલેઅભિનય કરી ગાંધીનગરનું ગૌરવ વધાર્યું છે. ગાંધીનગરમાં યુવા પેઢી ફિલ્મી દુનિયામાં આગળ વધી રહી છે આ અગાઉ બુમરેંગ એક શોર્ટ ફિલ્મ બનાવી હતી જેને આંતરરાષ્ટ્રીય કક્ષાએ બે નોમિનેશન્સ મળ્યા હતા. આ શોર્ટ ફિલ્મ બાદ ANTI 2020 જે ઓટીટી પ્લેટફોર્મ પર રીલીઝ થવાની છે.